# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
(Established vide Gujarat Act No. 24/2015)

સરકારિ પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૧૯/ ૩૦૨૩૨

તા.૨૮/૦૩/૨૦૧૯

પરિપત્ર- ૧૯૩

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, કાયદા અને શિક્ષણ વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ ચલાવતી કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જ'શ્રીઓને જણાવવાનું કે એક્ઝીક્યુટીવ કાઉન્સિલની તા.૦૨/૦૩/૨૦૧૯ ના રોજ મળેલ બેઠકમાં ઉપરોક્ત વિદ્યાશખાઓની સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની સેમેસ્ટર-૫ અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની સેમેસ્ટર-૩ ની પુરક પરીક્ષા લેવાનું નિયત કરેલ છે. જે સંદર્ભે નીચેની વિગતે પરીક્ષા આવેદન પત્રો નીચે દર્શાવેલ સૂચનાઓ અને તારીખ મુજબ યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા જણાવવામાં આવે છે.

| Sr | Course | Semester | Fee | | | Starting Date for Students to Fill Up Exam Form | Last Date to Submit Exam Form With Regular Fees |
|---|---|---|---|---|---|---|---|
| | | | Exam Fee | Form Fee | Total Fee | | |
| 1. | B.A. | 5 | 200 | 25 | 225/- | 28/03/2019 | 05/04/2019 |
| 2. | B.Com. | 5 | 200 | 25 | 225/- | 28/03/2019 | 05/04/2019 |
| 3. | B.SC. | 5 | 200 | 25 | 225/- | 28/03/2019 | 05/04/2019 |
| 4. | LLB. | 5 | 250 | 25 | 275/- | 28/03/2019 | 05/04/2019 |
| 5. | B.C.A. | 5 | 250 | 25 | 275/- | 28/03/2019 | 05/04/2019 |
| 6. | B.Ed. | 3 | 200 | 25 | 225/- | 28/03/2019 | 05/04/2019 |
| 7. | M.A | 3 | 500 | 25 | 525/- | 28/03/2019 | 05/04/2019 |
| 8. | M.Com | 3 | 500 | 25 | 525/- | 28/03/2019 | 05/04/2019 |
| 9. | M.Sc. | 3 | 500 | 25 | 525/- | 28/03/2019 | 05/04/2019 |
| 10. | M.S.W. | 3 | 500 | 25 | 525/- | 28/03/2019 | 05/04/2019 |
| 11. | M.Ed. | 3 | 500 | 25 | 525/- | 28/03/2019 | 05/04/2019 |

પરીક્ષા આવેદનપત્ર ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા સંબંધિત સૂચનાઓ :

1. સ્નાતક કક્ષાએ જે વિદ્યાર્થીઓને સેમેસ્ટર-૧ થી સેમેસ્ટર-૪ માં એ.ટી.કે.ટી. ન હોય તથા સેમેસ્ટર-૫ માં માત્ર ૨ (બે) વિષયમાં એ.ટી.કે.ટી. હોય માત્ર તેવા જ વિદ્યાર્થીઓના સેમેસ્ટર-૫ ના પરીક્ષા આવેદન પત્રો ભરવાના રહેશે.
2. અનુસ્નાતક કક્ષાએ અને બી.એડ. માં જે વિદ્યાર્થીને સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૨ માં એ.ટી.કે.ટી. ન હોય તથા સેમેસ્ટર-૩ માં માત્ર ૨ (બે) વિષયમાં એ.ટી.કે.ટી. હોય માત્ર તેવા જ વિદ્યાર્થીઓના સેમેસ્ટર-૩ ના પરીક્ષા આવેદન પત્રો ભરવાના રહેશે.
3. ઉપરોક્ત તમામ અભ્યાસક્રમોની પરીક્ષાઓ ગોધરા ખાતે આયોજિત કરવામાં આવશે અને પરીક્ષા કેન્દ્રની જાણ પરિપત્રથી કરવામાં આવશે.
4. સંબંધિત કોલેજોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ પરીક્ષા આવેદનપત્ર ઓનલાઈન ભરી, વેરીફાઈ કરી તેની પ્રિન્ટઆઉટ લેવાની રહેશે.
5. પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટની વિગતોની સંબંધિત વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવી તેમાં તેની સહી કરાવવાની રહેશે.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**(Established vide Gujarat Act No. 24/2015)**

સરકારિ પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


6. વિદ્યાર્થીએ સહી કરેલ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ પર સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ ખરાઈ કરી પોતાની સહી અને સિક્કા કરવાના રહેશે.
7. આચાર્યશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું મોડ્યુલમાં વેરીફીકેશન કર્યા બાદ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ તેમજ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામિનેશન, ગોધરાના એક્સીસ બેંકના ખાતા નં.918010086166147 (IFSC CODE: UTIB0000264 MICR: 389211002) માં NEFT/RTGS થી નિયત પરીક્ષા ફી તબદીલ/જમા કરાવ્યાની રીસીપ્ટની નકલ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ નીચે દર્શાવેલ સમય પત્રક મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવાનો રહેશે.

| વિગત | રૂ. ૨૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ | રૂ. ૫૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ | રૂ. ૧૦૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ |
|---|---|---|---|
| **સેમેસ્ટર-૩ અને ૫ ના પરીક્ષા આવેદન પત્ર બાબત** | રેગ્યુલર ફી + રૂ. ૨૦૦/- તા.૦૮/૦૪/૨૦૧૯ થી તા.૦૯/૦૪/૨૦૧૯ સુધી | રેગ્યુલર ફી + રૂ. ૫૦૦/- તા.૧૦/૦૪/૨૦૧૯ | રેગ્યુલર ફી + રૂ. ૧૦૦૦/- તા.૧૧/૦૪/૨૦૧૯ |

8. યુનિવર્સિટી ખાતે આવેદન પત્ર મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ.
9. અધુરી કે ખોટી વિગતોવાળા આવેલ આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.
10. કોલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ જમા કરાવવા મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.

નોંધ:
- દરેક કોલેજ/પી.જી. કેન્દ્રએ વિદ્યાર્થીદીઠ પરીક્ષા ફોર્મ, હોલ ટીકીટ અને માર્કશીટ ડાઉનલોડ અને પ્રિન્ટઆઉટ કરવાના વહીવટી ખર્ચ પેટે રૂ. ૪.૫૦/- બાદ કરી પરીક્ષા આવેદન ફી ની રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહશે.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, કાયદા અને શિક્ષણ વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ ચલાવતી કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.